ભૂતકાળ અને ભવિષ્યકાળ બેઉ આપણને ઇશ્વરને આપણી નજરથી ઓઝલમાં રાખે છે માટે વર્તમાનમાં જ ઇશ્વર પામો
- સુફી સૈયદ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૪ | ૧૫ માર્ચ, ૨૦૧૫, રવિવાર ; ફાગણ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦





# શહેરમાં કરા પડ્યા



ગાંધીનગર, તા.૧૪

શહેરમાં સાંજે કેટલાક વિસ્તારોમાં બરફ વર્ષા થઈ હતી. મોટી સાઈઝના કરા પડતા પાટનગર શીમલામાં ફેરવાયું હતું. બરફ વર્ષાના પગલે રાત્રે ગાજવીજ સાથે સતત ત્રીજા દિવસે વરસાદી ઝાપટું પડ્યું હતું. ભારે તોફાની પવનની સાથે વીજળીના કડાકા અને વાદળોની ગર્જનાની વચ્ચે વરસેલા ઝાપટાએ ચોમાસાનો અહેસાસ કરાવ્યો હતો.

એક જ દિવસમાં ત્રણ ઋતુનો અનુભવ થતાં રોગચાળાની ચિંતા વ્યાપક બની છે. બપોરે મહત્તમ તાપમાન ૩૨.૪ ડિગ્રી રહ્યું હતું જ્યારે લઘુતમ તાપમાન ૧૮-૧૯ની વચ્ચે રહ્યું હતું અને સાંજે વરસાદી ઝાપટાથી નીચાણવાળા ભાગોમાં ખાબોચિયા ભરાયા હતા. આમ ઋતુચક્ર જાણે ફેરવાઈ ગયું હોય એવા આશ્ચર્ય સાથેના અનુભવથી નગરમાં ઠેર-ઠેર રોગચાળાની ચર્ચાઓ ચાલી હતી.

સૌના મનમાં આ ઋતુચક્રના પરિવર્તનથી કૂતુહલ સર્જાતું હતું કે, વહેલી સવારે ધંધા-રોજગાર હેતુ સાથે ઘરેથી નિકળતા રેઈનકોટ લેવો, જેકેટ લેવું કે છત્રી લેવીની અસંમજસ અનુભવતા હતા.

આજે નગરમાં દિવસ દરમિયાન વાતાવરણ એકદમ સ્વચ્છ રહ્યું હતું પરંતુ સાંજના સુમારે નગરના અમુક ભાગોમાં વરસાદી છાંટા અને બરફના કરા પડયાં હતાં. જો કે મહત્તમ તાપમાન ૩૨.૪ ડીગ્રી સેલ્સિયસ નોંધાયું હતું જયારે ગઈ કાલે રાત્રે લઘુત્તમ તાપમાન પણ વધીને ૧૯ ડિગ્રી સે. રહેવા પામ્યું હતું.સાંજના સમયે વરસાદ અને બરફના કરાં પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરાઈ જવા પામી હતી.

ગઈ સાંજના હળવા વરસાદ

● અનુસંધાન પાન-૭ પર




